૭

ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન,
સેક્ટર-૧૨,ગાંધીનગરના મકાનના
મરામત બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અબડ/૧૩૨૦૧૨/૭૧૭૩૬(પા.ફા.)/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૧૦/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:અબડ-૧૩૨૦૧૨-૭૧૭૩૬-ગ
તા.૦૮/૦૧/૨૦૧૪
(૨)નિયામકશ્રી(અ.જા.ક.)નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૧૮/૮૭૭૪-૮૭૭૬
તા.૧૭/૧૨/૨૦૧૮

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં જિલ્લા મથકોએ આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. નિયામકશ્રી(અજાક) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૨) મુજબ ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ગાંધીનગરના મકાનના મરામત માટે રૂ.૧૪,૯૦,૨૩૦/- ના અંદાજિત ખર્ચ રજૂ કરેલ તથા સદરહુ ખર્ચ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ના તા.૦૮/૦૧/૧૪નાં ઠરાવથી મળેલ રૂ.૪૪,૧૫,૨૨૦/-ની વહીવટી મંજૂરીમાંથી બચત રહેલ રૂ.૮,૧૩,૫૦૬/-ને બાદ કરતા રૂ.૬,૭૬,૭૨૪/- નો ખર્ચ મંજૂર કરવા દરખાસ્ત કરેલ, જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ગાંધીનગરના મકાનના મરામત કામ (બારી-બારણાં, શૌચાલય રીનોવેશન, ઓડીટોરીયમ અને ઊધઈ દૂર કરવા અંગેની

કામગીરી) માટે કુલ ખર્ચ રૂ.૧૪,૯૦,૨૩૦/- માંથી તા.૦૮/૦૧/૧૪નાં ઠરાવથી મંજૂર કરવામાં આવેલ રૂ.૪૪,૧૫,૨૨૦/-ની રકમમાંથી બચત રહેલ રૂ.૮,૧૩,૫૦૬/- બાદ કરતા બાકી રહેલ રૂ.૬,૭૬,૭૨૪/-નો ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે. સદરહુ ખર્ચ વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ના તા.૦૮/૦૧/૨૦૧૪ ના ઠરાવની શરતોને આધીન કરવાનો રહેશે.

સદરહુ ખર્ચ માંગણી ક્રમાંક-૯૫ આયોજન; મુખ્ય સદર ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ; પેટા સદર ૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ; ગૌણ સદર ૮૦૦- અન્ય ખર્ચ; પેટા સદર ૧૦; SCW-૨૦ ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ હેઠળ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૪/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦